જા.નં./RMSA/શાળા સિદ્ધિ/૨૦૨૨/૩૨૯૯

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૦૪/03/૨૦૨૨

ઉક્ત પત્રની જાણ તથા અમલવારી કરવા સારું.

(એચ.એસ. રાજ્યગુરૂ)
જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ. સુરત.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરતની શહેરની તમામ સરકારી,ગ્રાન્ટેડ,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
જી-સુરત

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭,
ગાંધીનગર.
E-mail –qecell@gmail.com
ફોન નં-૦૭૯-૨૩૨૪૧૩૩

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

પત્રક્રમાંક-સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૧/૨૦૨૨/૧૩૦૪-૧૪૫૫ તા- ૨૧/૦૨/૨૦૨૨

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા: તમામ

પ્રતિશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા: તમામ
શાસનાધિકારીશ્રી-અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ

વિષય: શાળા સિદ્ધિ કાર્યક્રમ અંતર્ગત સ્વ-મુલ્યાંકન અને બાહ્ય મુલ્યાંકન કરવા બાબત
સંદર્ભ – માન.એસ.પી.ડીશ્રી ધ્વારા તા.૧૧.૦૨.૨૦૨૨ના રોજ નોંધ પર મળેલ મંજુરી અન્વયે

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજ્યની સરકારી, RMSA, મોડેલ, મોડેલ ડે, KGBV અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં NIEPA ની ગાઈડલાઈન મુજબ "શાળા સિદ્ધિ" કાર્યક્રમ અમલીકૃત છે. "શાળા સિદ્ધિ" કાર્યક્રમ અંતર્ગત શાળાઓમાં સ્વ-મુલ્યાંકન તેમજ ત્રીજા (૧/3) ભાગની શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકનની પ્રક્રિયા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષ: ૨૦૨૧-૨૨ માટે પણ મૂલ્યાંકન કરવામાં આવનાર છે. **જે અંગે ચાલુ વર્ષે શૈક્ષણિક વર્ષ:૨૦૨૧-૨૨ નું સ્વ-મુલ્યાંકન અને શૈક્ષણિક વર્ષ: ૨૦૨૦-૨૧ વર્ષની સ્વ-મૂલ્યાંકન થયેલ પૈકીની ૧/3 શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકનની કામગીરી કરવાની થાય છે.**

- **શૈક્ષણિક વર્ષ:૨૦૨૧-૨૨ : સ્વ-મૂલ્યાંકન**

  રાજ્યની સરકારી, RMSA, મોડેલ, મોડેલ ડે, કેજીબીવી અને ગ્રાન્ટેડ એમ કુલ ૬૮૮૨ માધ્યમિક શાળાઓમાં "શાળા સિદ્ધિ" કાર્યક્રમ અમલીકૃત થયેલ છે. શૈક્ષણિક વર્ષ:૨૦૨૧-૨૨માં આ શાળાઓમાં NIEPA ની ગાઈડલાઈન મુજબ "શાળા સિદ્ધિ" કાર્યક્રમ અંતર્ગત સ્વ-મૂલ્યાંકનની કામગીરી કરવા વિનંતી છે.

- **શૈક્ષણિક વર્ષ:૨૦૨૦-૨૧ : બાહ્ય મુલ્યાંકન**

  શાળા સિદ્ધિ કાર્યક્રમ અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન થયેલ સ્વ-મૂલ્યાંકન પૈકીની શાળાઓમાંથી દરેક બ્લોકમાંથી સરેરાશ ત્રીજા (૧/3) ભાગની માધ્યમિક શાળાઓમાં વર્ષ ૨૦૨૦-૨૧ વર્ષનું બાહ્ય મૂલ્યાંકન કામગીરી પૂર્ણ કરવા વિનંતી છે. જિલ્લાએ માર્ગદર્શિકા અનુસાર ટીમ બનાવી માર્ગદર્શિકા અને વેબસાઈટ પર આપેલ ગાઈડલાઈન અનુસાર ત્રીજા (૧/3) ભાગની શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકનની કામગીરી કરવાની રહેશે.

વધુમાં આ કામગીરી અંગેની માર્ગદર્શિકા આ સાથે મોકલી આપવામાં આવે છે. જે ધ્યાને લેવા વિનંતી તેમજ જિલ્લા કક્ષાએ નિયત કરેલ નોડેલ ઓફિસરશ્રી ધ્વારા દર શુક્રવારે કામગીરીનો પ્રગતિ અહેવાલ અત્રેની કચેરીને qecell@gmail.com પર મોકલી આપવા વિનંતી છે.

બિડાણ-૬૮૬૨ શાળાઓની યાદી

**સચિવ**
**સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ**
**સમગ્ર શિક્ષા, ગાંધીનગર**

**નકલ સવિનય રવાના:**

- માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- માન. એ.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી

## શાળા સિધ્ધી કાર્યક્રમ અંતર્ગત સ્વ-મૂલ્યાંકન અને બાહ્ય-મુલ્યાંકન માટેની માર્ગદર્શિકા

- સ્વ-મૂલ્યાંકન શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે કરવાનું રહેશે.
- બાહ્ય-મૂલ્યાંકન ૨૦૨૦-૨૧ વર્ષનું કરવાનું રહેશે.(શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન થયેલ જે શાળાઓનું સ્વ-મૂલ્યાંકન થયેલ છે તે પૈકીની ૧/3 શાળાઓનું જ બાહ્ય-મૂલ્યાંકન કરવાનું રહેશે)
- શાળાઓનું બાહ્ય મૂલ્યાંકન માટે માધ્યમિક શાળાના શિક્ષણ નિરીક્ષક, ડાયટ લેકચરરશ્રી, મદદનીશ શિક્ષણ નિરીક્ષક, મોડેલ શાળાના આચાર્યશ્રી, મોડેલ ડે શાળાના આચાર્યશ્રી, રાજ્ય પારિતોષિક શિક્ષકશ્રી, માધ્યમિક શાળાના નિવૃત આચાર્યશ્રી, બી.આર.સી.કો. ઓર્ડીનેટર/ સી.આર.સી.કો.ઓર્ડીનેટર, અને માધ્યમિક શાળાના આચાર્યશ્રીની પસંદગી કરવી.
- મૂલ્યાંકન કરવા અંગે જે શાળાનું મૂલ્યાંકન કરવાનું થાય તે શાળા સિવાયના અન્ય માધ્યમિક શાળાના આચાર્યશ્રીને ટીમમાં સમાવેશ કરવો.
- કુલ 3 સભ્યોની ટુકડી બનાવી શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકન કરવાનું રહેશે. જેમાં એક સભ્ય તરીકે સી.આર.સી.કો.ઓર્ડીનેટર રહેશે.
- બાહ્ય-મૂલ્યાંકન અંગે મોનીટરીંગ ટીમનું આયોજન જિલ્લા કક્ષાએ શાળા સિદ્ધિના નોડલશ્રી ધ્વારા તૈયાર કરી માન.જિલ્લા શિક્ષણાધીકારીશ્રી પાસે મંજુર કરાવવાની રહેશે.
- બાહ્ય મૂલ્યાંકન માટે આવનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીને પોતાની ફરજ પર ઓન-ડયુટી ગણવાની રહેશે.
- શાળા સિધ્ધી કાર્યક્રમ અંતર્ગત બાહ્ય-મુલ્યાંકન માટે અત્રેની કચેરીથી જે તે જિલ્લાના જિલ્લા પ્રોજેક્ટ કો ઓર્ડીનેટરશ્રીની કચેરીને ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. સમગ્ર શિક્ષા કચેરી ધ્વારા જિલ્લાની ગ્રાન્ટ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીને ફાળવી આપવાની રહેશે.
- બાહ્ય મૂલ્યાંકન અંગેના આયોજનની વિગત અત્રેની કચેરીએ મોકલવાની રહેશે.
- NIEPA નવી દિલ્હીના શાળા સિદ્ધી અંગેનું પોર્ટલ અપડેટ કરવા અર્થે કાર્યરત છે. જેથી આપના જિલ્લાની જે શાળાઓમાં સ્વ-મૂલ્યાંકન કરવાનું થશે તે શાળાઓના આચાર્યશ્રીએ શાળાની ભરેલ વિગતની હાર્ડકોપી શાળા કક્ષાએ રાખવાની રહેશે. જયારે શાળા સિદ્ધિ અંગેનું પોર્ટલ ઓપન થાય ત્યારે આ વિગત અપલોડ કરવાની રહેશે.
- તે જ રીતે બાહ્ય-મૂલ્યાંકન થનાર શાળાઓની વિગત અંગેની કોપી ક્લસ્ટરના સી.આર.સી.કો.ઓર્ડીનેટર પાસે રાખવાની રહેશે. જયારે બાહ્ય-મૂલ્યાંકન અંગેનું પોર્ટલ ઓપન થાય ત્યારે સી.આર.સી.કો.ઓર્ડીનેટરએ આ વિગત પોર્ટલ પર ભરવાની રહેશે.
- રાજ્યની કુલ ૬૮૬૨ માધ્યમિક શાળાઓમાં વર્ષ ૨૦૨૧-૨૨નું સ્વ-મૂલ્યાંકન કરવા અર્થે પ્રતિ શાળા દીઠ ૩૫૦/- રૂપિયા શાળાઓને ફાળવવા અર્થે જિલ્લા કક્ષાએ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

- વર્ષ ૨૦૨૦-૨૧ની સ્વ-મૂલ્યાંકન થયેલ શાળાઓ પૈકીની ૧/3 શાળાઓ (૨૨૯૮ બાહ્ય-મૂલ્યાંકન શાળાઓ) માટે મૂલ્યાંકનકાર તરીકે જનાર 3-3 સભ્યોને પુરસ્કાર પેટે પ્રતિ વ્યક્તિ દીઠ ૨૦૦/- રૂપિયા લેખે ગ્રાન્ટ જિલ્લા કક્ષાને ફાળવવામાં આવેલ છે.